# કલેક્ટર કચેરી, બનાસકાંઠા

જોરાવર પેલેસ, પાલનપુર - ૩૮૫૦૦૧, જિ.બનાસકાંઠા

ફોન નં.૦૨૭૪૨-૨૫૫૭૮૩ ફેક્સ નં.૦૨૭૪૨-૨૫૨૭૪૦


નં.સી/હિસાબ-જનરલ/વશી/૨૩૯૫/૨૦૧૯ તા.૩૧/૦૭/૨૦૧૯

પ્રતિ,

(૧) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, બનાસકાંઠા-પાલનપુર

(૨) જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, બનાસકાંઠા-પાલનપુર

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠા-પાલનપુર

(૪) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠા-પાલનપુર

(૫) નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, બનાસકાંઠા-પાલનપુર

(૬) અધિક કલેક્ટર અને પ્રયોજના વહીવટદારશ્રી, ટ્રાયબલ સબપ્લાન, બનાસકાંઠા-પાલનપુર

(૭) સમાજ કલ્યાણ અધિકારીશ્રી, બનાસકાંઠા-પાલનપુર

(૮) જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, બનાસકાંઠા-પાલનપુર

(૯) સમાજ સુરક્ષા અધિકારીશ્રી, બનાસકાંઠા-પાલનપુર

(૧૧) પ્રોજેક્ટ ઓફિસરશ્રી, આઈ.સી.ડી.એસ., બનાસકાંઠા-પાલનપુર

(૧૧) પ્રાંત અધિકારીશ્રી ................................ (તમામ)

(૧૨) મામલતદારશ્રી ............................. (તમામ)

**વિષય :-** મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણી દરમ્યાન ખાસ ઝુંબેશના રૂપે મોબાઈલમાં ૧૮૧, અભયમ એપ્લીકેશન ડાઉનલોડ કરાવવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર, ૧૮૧-અભયમ મહિલા હેલ્પ લાઈન, અમદાવાદ ના તા.૨૯/૦૭/૨૦૧૯ ના પત્રની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જેની વિગતે મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણી દરમ્યાન ખાસ ઝુંબેશના રૂપે મોબાઈલમાં ૧૮૧, અભયમ એપ્લીકેશન ડાઉનલોડ કરાવવા બાબતે જરૂરી કાર્યવાહી થવા વિનંતી છે.

ક્રમાંક / ૪૭૭૯-૭
જિલ્લા ...શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર
બનાસ... ...પુર.
તારીખ · ૦૬ · ૦૮ ૨૦૧૯.

- નકલ રવાના જાણ તથા અમલ અર્થે.

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ, મા.
ઉ.મા શાળાઓ તમામ.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

Scanned by CamScanner

મો.નં.૮૪૦૧૦૪૪૮૩૯

૧૮૧ અભયમ્ મહિલા હેલ્પ લાઇન
ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર, કલેકટરશ્રીની કચેરી,
..................
Email : Falguniben@gmai.com

તા. ૨૯/૭/૧૯

પ્રતિ શ્રી,
કલેકટરશ્રી,
કલેકટર કચેરી,
બનાસકાંઠા

વિષયઃ- મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી દરમ્યાન ખાસ ઝુંબેશના રૂપે મોબાઇલ માં ૧૮૧, અભયમ્ એપ્લીકેશન ડાઉન લોડ કરાવવા વિનંતી પત્ર.........

મે.સાહેબ શ્રી,

સવિનય આપશ્રી સુવિદિત છો કે, ગુજરાત સરકારશ્રી તરફથી મુશ્કેલીમાં મુકાયેલ મહિલાઓને તાત્કાલીક મદદ, માર્ગદર્શન અને બચાવ માટે ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પ લાઇન કાર્યરત છે. સાથે સાથે ટેકનોલોજીના ઝડપી સમયમાં આપત્તિમાં મુકાયેલ મહિલાને ઝડપી સેવાઓ પહોંચાડી શકાય તે માટે ૧૮૧ અભયમ્ મોબાઇલ એપ્લીકેશન પણ શરૂ કરેલ છે. સ્માર્ટ મોબાઇલમાં પેનિક બટન દબાવતાં હેલ્પ લાઇનની ઝડપી અને સચોટ સેવાઓ મેળવી શકે છે. આ ઉપરાંત મહિલાના ૫ જેટલા સબંધિઓને ઓટોમેટીક એસ.એમ.એસ. ધ્વારા સંદેશો જાય છે. મોબાઇલ એપ્લીકેશન મારફતે ઘટના સ્થળેથી મહિલા કોલ કરે તો કોલ કરવાનું ચોકકસ સ્થળ ગુગલના નકશામાં લેટલોંગ સાથે મળી જાય આ ઉપરાંત મહિલા ઘટના સ્થળના ફોટો-વિડીયો એપ્લીકેશન ધ્વારા અપલોડ કરીને પુરાવા તરીકે હેલ્પલાઇન સેન્ટરમાં મોકલી શકે છે. આ એપ્સ ગુગલ પ્લેસ્ટોર અને એપ્સ સ્ટોરમાં ઉપલબ્ધ છે. આ એપ્લીકેશન મોબાઇલમાં ડાઉન લોડથી મુશ્કેલીમાં મુકાયેલ મહિલાએ ત્વરિત મદદ પહોંચાડી શકવાનો આશય છે.

વધુમાં આપ સાહેબશ્રીને જણાવવાનું કે, તા.૦૧/૦૮/૨૦૧૯ થી તા.૧૪.૮.૧૯ દરમ્યાન રાજ્ય સરકારશ્રી દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડીયાની ઉજવણી કરવામાં આવી રહેલ છે. અને જિલ્લા કક્ષાના જુદા જુદા વિભાગો દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે દરમ્યાન આ કાર્યક્રમમાં ભાગ લેવા મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત થનાર હોઇ, તમામના મોબાઇલમાં ૧૮૧, અભયમ્ એપ્લીકેશન ડાઉન લોડ કરવામાં આવે તો જિલ્લાની તમામ મહિલાઓને મોટી સંખ્યામાં આવરી લઇ શકાય તેમ છે. જેથી આપશ્રીને વિનંતી કરવાની કે, જિલ્લાની તમામ સરકારી એજન્સીઓ જેવી કે જિલ્લા પંચાયત, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, ટ્રાયબલ સબપ્લાન, મામલતદાર કચેરી, પ્રાંત કચેરી, સમાજ સુરક્ષા, સમાજ કલ્યાણ આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ, શિક્ષણ વિભાગ, આઇ.સી.ડી.એસ. તથા શાળા-કોલેજ, યુનિવર્સીટીઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓને ખાસ અનુરોધ કરવામાં આવે તો કાર્યક્રમ દરમ્યાન બહોળી સંખ્યામાં મોબાઇલમાં એપ્લીકેશન ડાઉન લોડ થઇ શકે.

આશા છે કે, ૧૮૧, અભયમ્ મહિલા હેલ્પલાઇનને વધુ સુદઢ બનાવવામાં આપશ્રી ધ્વારા સહયોગ મળી રહેશે.

આભાર સહ.

આભાર સહ.

(ફાલ્ગુનીબેન પટેલ)
પ્રોજેક્ટ કો-ઓડિનેટર
૧૮૧-અભયમ્ મહિલા હેલ્પ લાઇન, અમદાવાદ.

નકલ રવાનાઃ સવિનય જાણ અર્થે.
પ્રોજેક્ટ હેડ, ૧૮૧ મહિલા હેલ્પલાઇન, અમદાવાદ, (ગુજરાત)

33966

29/7

Scanned by CamScanner